Letter No: SJED/0423/04/2023 Dt: 24-04-2023

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના મહેકમની જગ્યાઓ તા:૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલું રાખવા બાબત.

ગુજરાત સરકાર,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: SJED/IWDMS1.0/e-file/17/2022/0051/A Section

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા:૧૬/૦૬/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૮/૧૦૩૩૮૨/અ

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા:૨૮/૦૨/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૮/૧૦૩૩૮૨/અ

(૩) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૧૧/૧૧/૨૦૨૨નો પત્રાંક: ગુગો/મકમ/૧૪૫૦૭/૨૦૨૨

**આમુખ**:

વંચાણે લીધા ક્રમાંક (૧)ના ઠરાવથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના મહેકમની ૮ (આઠ) હંગામી જગ્યાઓને અને ક્રમાંક (૨)ના ઠરાવથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના આઉટસોર્સની ૧૦ (દસ) જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલું રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩)ના પત્રથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની ૮ (આઠ) તથા આઉટસોર્સની ૧૦ (દસ) એમ કુલ ૧૮ જગ્યાઓને તા:૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલું રાખવા નિગમે દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**:

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની ૮ (આઠ) અને આઉટસોર્સની ૮ (આઠ) એમ નીચે મુજબની કુલ ૧૬ જગ્યાઓને, દર્શાવ્યા મુજબની શરતોને આધીન તા:૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**હંગામી જગ્યાઓ**:

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧. | મેનેજીંગ ડિરેક્ટર (વર્ગ-૧) | ૧ |
| ૨. | હિસાબી અધિકારી (વર્ગ-૨) | ૧ |
| ૩. | સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) | ૧ |
| ૪. | કચેરી અધિક્ષક (વર્ગ-3) | ૧ |
| ૫. | જુનિયર ક્લાર્ક (વર્ગ-3) | ૨ |
| ૬. | પટાવાળા (વર્ગ-૪) | ૨ |
| | કુલ | ૮ (આઠ) |

**આઉટ સોર્સની જગ્યાઓ:**

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧. | લોન વસૂલાત મદદનીશ | ૧ |
| ૨. | પ્રોજેક્ટ કન્સલટન્ટ | ૧ |
| ૩. | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૪ |
| ૪. | ડ્રાઇવર | ૧ |
| ૫. | પટાવાળા | ૧ |
| | કુલ | ૮ (આઠ) |

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરની આઉટસોર્સની લોન વસૂલાત મદદનીશની ૧ (એક) જગ્યા તથા ડ્રાઇવરની ૧ (એક) જગ્યા એબેયન્સમાં મૂકવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ જગ્યાઓ અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૩-૨૪માં આ હેતુ માટે વખતો વખત છૂટી થનાર ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનું રહેશે.

(૨) આ જગ્યાઓ જે હેતુ માટે ઉભી કરેલ છે તે હેતુ માટે જ ચાલું રાખવાની રહેશે.

(૩) ખાલી જગ્યા અંગે નાણા વિભાગની વખતો વખતની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) હંગામી જગ્યાઓ પૈકીની પટાવાળાની ૨ (બે) જગ્યાઓ નિયમિત નિમણૂકથી ભરાયેલ હોય તે સંજોગોમાં નિવૃત્તિ, રાજીનામું વગેરે કારણોસર ખાલી પડે તે દિવસથી રદ કરવાની તથા તે સેવાઓ સામાન્ય વહીવટ વિભાગની સૂચનાઓ મુજબ આઉટસોર્સથી લેવાની રહેશે.

(૫) આઉટસોર્સથી જગ્યાઓ ભરવાના ધોરણો અનુસાર સેવાઓ લેવાની રહેશે તેમજ આ બાબતે સરકારશ્રીની આઉટસોર્સ અંગેની વખતોવખતની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

File No: SJED/IWDMS1.0/e-file/17/2022/0051/A Section
Approved By: R. J. Kharadi(DS,A Section,SJED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

(૬) આ જગ્યાઓની સેવાઓ લંબાવવાની જરૂર જણાય તો નાણા વિભાગની મંજૂરી મેળવવાની રહેશે. આ માટે જગ્યાઓની મુદ્દત પુરી થવાના ચાર માસ પહેલા જરૂરી સાધનિક કાગળો સાથે જગ્યાઓ ચાલું રાખવાની દરખાસ્ત કરવાની રહેશે.

(૭) આ ઉપરાંત નિગમે સદર બાબતે સરકારશ્રીની આનુષંગિક તમામ સૂચનાઓ/જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા:૨૮/૦૩/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

eSign Signed by: Chiragkumar Rasikbhai Patel
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Apr-2023 (01:25 PM)

(ચિરાગ પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ .
- નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.(ગુજરાત ગોપાલક વિકાસ નિગમ મારફત)
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ....
- શાખા સિલેક્ટ ફાઈલ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.